eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

**Issue 168**
**November 21, 2008**

## નોર્થઝોન (કતારગામ) ની કામગીરી

નોર્થઝોન(કતારગામ) વિસ્તારમાં શહેર વિકાસ ખાતા/દબાણ ખાતા ધ્વારા કરવામાં આવેલ ડીમોલીશનની કામગીરીની વિગત ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## સાઉથ વેસ્ટ (અઠવા) ઝોનની કામગીરી

સાઉથ–વેસ્ટ (અઠવા) ઝોન વિસ્તારના કર્યક્ષેત્ર હેઠળના નવા સમાવિષ્ટ વેસુ વિસ્તારમાં શીખર રેસીડન્સીની સામે આવેલ ટાઉન પ્લાનીંગ સ્કીમ નંબર ૧ (વેસુ), ઓ.પી. ૫૮, ના ફાયનલ પ્લોટ નંબર ૧૧૩ માં આવેલ ' સુકૃતિ એપાર્ટમેનટ –વિંગ' એ' તથા ' બી' ની ૧૮ મીટરના ટી.પી. રસ્તાના કપાતમાં આવતી અંદાજે ૧૫૦ ફુટ લંબાઈની કંપાઉન્ડ વોલ સહિતની ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## પશ્ચિમ ઝોન (રાંદેર) ની કામગીરી

પશ્ચિમ ઝોન વિસ્તારમાં આવેલ ટી.પી. સ્કીમ નં. ૧૪ (રાંદેર–અડાજણ)માં એમ.એમ.પી. સ્કુલ અને રાંદેર પંપીગ સ્ટેશનની વચ્ચેથી (ફા. પ્લોટ નં. ૬૦ તથા ૬૧ ની વચ્ચેથી) પસાર થતો ૧૮.૨૮ મીટર પહોળાઈનો ટી.પી. રસ્તો પસાર થાય છે ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## પૂર્વઝોન(વરાછા) ની કામગીરી

ટી.પી. સ્કીમ નં. ૩ (કરંજ), ફા. પ્લોટ નં. ૩૬, સ્વામીનારાયણ સોસા. વિ–૨માં ગાળા નં. ૧૪૮–૧૪૯માં ડિમોલીશન ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## હેરીટેજ અંગેનું એક વર્કશોપનું આયોજન સુરત મહાનગરપાલિકા અને અર્બન મેનેજમેન્ટ સેન્ટર, અમદાવાદના સંયુકત ઉપક્રમ સુરત મહાનગરપાલિકાની કચેરી ખાતે આજરોજ તા.૧૮/૧૧/૨૦૦૮ ના રોજ રાખેલ



હાલ સુરત શહેરની ઐતિહાસિક ધરોહરની જાળવણી અંર્તગત સુરત મહાનગરપાલિકા દ્વારા હેરીટેજની ડ્રાફટ પોલિસી તેમજ હેરીટેજ લીસ્ટીંગ અને સર્વે કરવાનું નક્કી કરવામાં આવેલ જેમાં ડ્રાફટ પોલિસીની કામગીરી ચાલુ છે અને આજ રોજ હેરીટેજ અંગેનું એક વર્કશોપનું આયોજન સુરત મહાનગરપાલિકા અને અર્બન મેનેજમેન્ટ સેન્ટર, અમદાવાદત્રના સંયુકત ઉપક્રમ સુરત મહાનગરપાલિકાની કચેરી ખાતે આજરોજ તા.૧૮/૧૧/૨૦૦૮ ના રોજ રાખેલ ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## સુરત મહાનગરપાલિકા શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત ૮,૩૬,૦૦૦ થી વધુ બાળકોની આરોગ્ય તપાસ કરશે

રાજય સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલા "શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ" અંતર્ગત સુરત મહાનગરપાલિકા મારફતે તાઃ૧૮/૧૧/૨૦૦૮ થી તાઃ ૨૮/૦૧/૨૦૦૯ દરમ્યાન બાલવાડી/આંગણવાડી,નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાઓ તથા માન્ય ખાનગી પ્રાથમિક/માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા બાળકોની તબીબી તપાસનો કાર્યક્રમ હાથ ધરવામાં આવનાર છે ...

**વધુ માટે કલીક કરો >>>>>>**



## શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમનો શુભારંભ

રાજય સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ "શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ" અંતર્ગત સુરત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત પ્રાથમિક શાળાઓ,માન્ય ખાનગી પ્રાથમિક/માધ્યમિક શાળાઓમાં તથા બાલવાડી/આંગણવાડીમાં અભ્યાસ કરતા બાળકોની તબીબી તપાસનો કાર્યક્રમ તાઃ૧૮/૧૧/૨૦૦૮ થી તાઃ૨૮/૦૧/૨૦૦૯ દરમ્યાન હાથ ધરવામાં આવનાર છે ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## હેરીટેજ વિકની ઉજવણી

સુરત મહાનગરપાલિકા સંચાલિત સ. વ. પટેલ મ્યુઝિયમમાં વર્લ્ડ હેરીટેજ વિકની ઉજવણી નિમિત્તે તા.૧૯–૧૧–૨૦૦૮ થી તા.૨૫–૧૧–૨૦૦૮ સુધી હેરીટેજ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સુરતની વિકાસગાથા તેમજ વિવિધ ઐતિહાસિક, સામાજિક, શૈક્ષણિક અને ધાર્મિક સ્થળોનાં સુંદર ફોટોગ્રાફ સાથે વિગતો રજુ કરવામાં આવ્યું છે, જેનો લાભ લેવા જાહેર જનતાને નિમંત્રણ છે ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## નોર્થઝોન (કતારગામ) ની કામગીરી

નોર્થઝોન(કતારગામ) વિસ્તારમાં શહેર વિકાસ ખાતા/દબાણ ખાતા ધ્વારા કરવામાં આવેલ ડીમોલીશનની કામગીરીની વિગત.

(૧) તા. ૧૯/૧૧/૦૮ ના રોજ ટી.પી. સ્કીમ નં. ૨૫ (સીંગણપોર –ટુંકી) માં રૂપલ સ્કુલની બાજુમાં આવેલ રીઝર્વેશન પ્લોટ નં. ૨૧– વેજીટેબલ શાક માર્કેટ તથા એચ–૩૯ હાઉસીંગ( જી.એસ.સી.બી.)ના રીઝર્વેશન વાળી જગ્યામાં ૩૨ ઝુંપડાઓ બાંધવામાં આવેલ જે દુર કરી સમગ્ર પ્લોટ ખુલ્લો કરવામાં આવેલ છે.

(૨) ટી.પી. સ્કીમ નં .૧૮ (કતારગામ) , ફાઈનલ પ્લોટ નં. ૩૨માં આવેલ વિજય હાઉસીંગ સોસાયટીનાં સબ પ્લોટ નં. ૩૧,૩૨ અને ૩૩ ના મિલકતદારે ગેરકાયદેસર બાંધકામ ચાલુ કરતા સિમેન્ટ ની ૧૪ બેગ, સ્ટ્રકચરલ સ્ટીલ તથા સેન્ટરીંગનો સામાન જપ્ત કરવામાં આવેલ છે અને રૂા. ૫૦૦૦/– વહીવટી ખર્ચ ડીમોલીશન પેટે સ્થળ પર વસૂલ લેવામાં આવેલ છે.

(૩) નોર્થઝોન (કતારગામ ) શહેર વિકાસ ખાતા/દબાણ ખાતા ધ્વારા તા. ૧૪/૧૧/૨૦૦૮ ના રોજ કરવામાં આવેલ રસ્તો ખુલ્લો કરવાની કામગીરીની વિગત નીચે મુજબ છે.

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં ટી.પી. સ્કીમ નં. ૨૪ (ટુંકી) માં સહયોગ ઈન્ડસ્ટ્રીઝ તથા રીવરવ્યું સોસાયટી વચ્ચે થઈ પસાર થતા ૧૫ મીટર પહોળાઈના ટી.પી. રોડ પર આસપાસના ઈન્ડસ્ટ્રીયલ શેડ હોલ્ડરોના તથા લારી–ગલ્લા–કેબીનના દબાણના કારણે અડધો–અડધ પહોળાઈમાં દબાણ હોવાના કારણે વાહન વ્યવહાર અને પબ્લીક અવર જવર માટે અવરોધ ઉભો થતો હતો. જે શેડ હોલ્ડરો તથા ગલ્લા–કેબીનનું આવેલ દબાણ, ત્રણ જેસીબી મશીનો વડે દુર કરી, આશરે ૫૧૦૦ ચો.ફુટ જેટલું દબાણ દુર કરી રોડ વાહન વ્યવહાર માટે ખુલ્લો કરવામાં આવેલ છે.

TOP

## સાઉથ વેસ્ટ (અઠવા) ઝોનની કામગીરી

સાઉથ–વેસ્ટ (અઠવા) ઝોન વિસ્તારના કાર્યક્ષેત્ર હેઠળના નવા સમાવિષ્ટ વેસુ વિસ્તારમાં શીખર રેસીડન્સીની સામે આવેલ ટાઉન પ્લાનીંગ સ્કીમ નંબર ૧ (વેસુ), ઓ.પી. ૫૮, ના ફાયનલ પ્લોટ નંબર ૧૧૩ માં આવેલ ' સુકૃતિ એપાર્ટમેનટ –વિંગ' એ' તથા ' બી' ની ૧૮ મીટરના ટી.પી. રસ્તાના કપાતમાં આવતી અંદાજે ૧૫૦ ફુટ લંબાઈની કંપાઉન્ડ વોલ સહિતની અંદાજે ૨૨૫૦ ચો.ફુટની જગ્યા તા. ૧૪/૧૧/૨૦૦૮ ના રોજ ખુલ્લી કરી કબજો લેવામાં આવ્યો. જેના કારણે ટ્રાફિક નું ભારણ હળવું થશે તેમજ સ્ટોર્મ ડ્રેઈન નેટવર્ક નાંખવાનું સરળ બનશે.

વધુમાં, ટાઉન પ્લાનીંગ સ્કીમ નંબર : ૬, પીપલોદ ફા. પ્લોટ નંબર : ૧ ને લાગુ ટી.પી. ૨૫ ફુટ પહોળાઈ ના રસ્તામાં આવતા ૧૩ કાચા ઝુપડાઓ પણ દૂર કરવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી સાઉથ–વેસ્ટ (અઠવા) ઝોનનાં ટેકનીકલ સ્ટાફ તથા દબાણ ખાતાનો સ્ટાફ, ૧ જે.સી.બી. અને ૧ મઝદાની મદદથઇ હાથ ધરવામાં આવેલ હતી.

TOP

## પશ્ચિમ ઝોન (રાંદેર) ની કામગીરી

- પશ્ચિમ ઝોન વિસ્તારમાં આવેલ ટી.પી. સ્કીમ નં. ૧૪ (રાંદેર–અડાજણ)માં એમ.એમ.પી. સ્કુલ અને રાંદેર પંપીગ સ્ટેશનની વચ્ચેથી (ફા. પ્લોટ નં. ૬૦ તથા ૬૧ ની વચ્ચેથી) પસાર થતો ૧૮.૨૮ મીટર પહોળાઈનો ટી.પી. રસ્તો પસાર થાય છે. આ રસ્તાના કબ્જા બાબતે હાઈકોર્ટમાં સ્કુલના ટ્રસ્ટીઓ તરફથી કોર્ટ પ્રકરણ ઉપસ્થિત કરવામાં આવેલ. જેમાં એકા. સી. એ. ૧૦૯૦/૨૦૦૬ ઈજ સ્પે. સી.એ. નં. ૧૪૪૦૯/૦૫ નો તા. ૦૮/૧૦/૨૦૦૮ થી નામદાર હાઈકોર્ટ ધ્વારા ચુકાદો આવેલ છે. જેમાં સદર એકા. સી.એ. કાઢી નાંખવામાં આવેલ છે. જે અન્વયે પશ્ચિમ ઝોન (રાંદેર) કચેરી તરફથી સદર એમ.એમ.પી. સ્કુલ ના ટ્રસ્ટીઓશ્રીને તા. ૧૨/૧૧/૨૦૦૮ થી સદર કેસ બાબતે જાણ કરી સદર ૧૮.૨૮ મી.ના રસ્તામાં નડતરરૂણ બનાવેલ તાર ફેન્સીંગ કાઢી નાંખવા માટે રાંદેર ટાઉનમાં આવેલ ટ્રસ્ટની ઓફિસે જઈ રૂબરૂ માં જાણ કરવામાં આવેલ. તેમ છતાં ટ્રસ્ટ ધ્વારા તાર ફેન્સીંગ કાઢી નહીં હોવાથી તા. ૧૪/૧૧/૨૦૦૮ થી પશ્ચિમ ઝોન (રાંદેર) કચેરી મારફત સદર સ્થળ ઉપર જઈ આશરે ૮૦ મીટર લંબાઈ નો ૧૮.૨૮ મી. પહોળાઈનો ટી.પી. રસ્તાની બંને છેડે બનાવેલ તાર ફેન્સીંગ દુર કરી સદર આશરે ૧૬,૦૦૦ ચોરસ ફુટનો જમીનનો કબ્જો પશ્ચિમ ઝોન કચેરી તરફથી મેળવેલ છે.

  આ કામગીરી દરમ્યાન એમ.એમ.પી. સ્કુલના ટ્રસ્ટી ઓ ધ્વારા રજુઆત કરવામાં આવેલ. પરંતુ તેઓશ્રી ને રૂબરૂ સમજાવટ કરી કામગીરીમાં સહકાર આપવા જણાવેલ. જે દરમ્યાન રાંદેર પી.આઈ.શ્રી હડીયા સાહેબ પણ સ્થળ ઉપર હાજર રહી ટ્રસ્ટીઓને સમજાવવામાં સહકાર આપેલ છે. અને સહકાર ભર્યા વાતાવરણમાં રસ્તાનો કબ્જો લઈ રસ્તા બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

  આ કામગીરી રાંદેર ઝોનના ઝોનલ ચીફશ્રી દારૂવાલા સાહેબની સીધી સૂચના થી તેમજ કાર્યપાલક ઈજનેરશ્રીના માર્ગદર્શન હેઠળ શહેર વિકાસ સ્ટાફ, મધ્યસ્થ, ટાઉન પ્લાનીંગનો સ્ટાફ, સીકયુરીટી સ્ટાફ તેમ પોલીસ સ્ટાફ મારફત કરવામાં આવેલ છે.

- પશ્ચિમ ઝોન વિસ્તારમાં આવેલ ટી.પી. સ્કીમ નં. ૧૪ (રાંદેર–અડાજણ)માં ગોમતીનગર સોસાયટીની સામેથી કોઝવે તરફ જતો ફા. પ્લોટ નં. ૧૨૬ ની ઉત્તરે ૬૦' ના ટી.પી. રસ્તામાં ૪૦૦ ચો.ફુટમાં ચણતરની રૂમો આવેલ. જે ખુલ્લી કરવાની કામગીરી હાથ ધરી આશરે ૩૫૦૦ ચો.ફુટ જમીનનો કબ્જો ખુલ્લો કરેલ છે. તેમજ એમ.એમ.પી. સ્કુલ થી મેરૂલક્ષ્મી મંદિર જતો ૧૮.૨૮ મી. ટી.પી. રસ્તા પૈકીમાં આવેલ કાચા પાકા ચણતર તેમજ લાકડાના પાટીયાના દબાણો આશરે ૪૦૦ ચો.ફુટ કાઢી નાંખવામાં આવેલ છે. અને રસ્તાનો કબ્જો મેળવેલ છે. આમ, કુલ્લે ૩૯૦૦ ચો.ફુટની જમીનનો કબ્જો મેળવેલ છે. આ રસ્તાઓ ખુલ્લા થવાથી કોઝવે થી આવતા રાહદારીઓને મેરૂલક્ષ્મી મંદિર તથા એમ.એમ.પી. સ્કુલ થઈ રાંદેર મેઈન રોડ સુધી સરળતાથી જઈ શકશે.

  આ કામગીરી રાંદેર ઝોનના ઝોનલ ચીફશ્રી દારૂવાલા સાહેબની સીધી સૂચના થી તેમજ કાર્યપાલક ઈજનેરશ્રીના માર્ગદર્શન હેઠળ શહેર વિકાસ સ્ટાફ, દબાણ સ્ટાફ મારફત કરવામાં આવેલ છે.

TOP

## પૂર્વઝોન(વરાછા) ની કામગીરી

ટી.પી. સ્કીમ નં. ૩ (કરંજ), ફા. પ્લોટ નં. ૩૬, સ્વામીનારાયણ સોસા. વિ–૨માં ગાળા નં. ૧૪૮–૧૪૯માં ડિમોલીશન.

સુરત મહાનગરપાલિકાના પૂર્વઝોન(વરાછા)માં ટી.પી. સ્કીમ નં. ૩ (કરંજ)ના ફા. પ્લોટ નં. ૩૬, બોમ્બે માર્કેટથી પુણા રોડ પર આવેલ સ્વામીનારાય સોસાયટીના વિભાગ –૨ ના ગાળા નં. ૧૪૮–૧૪૯ ના માલિક પ્રવિણભાઈ લાલુભાઈ પટેલ ધ્વારા હયાત ગ્રાઉન્ડ વતતા બે માળ ની મિલકત પર પતરાનો શેડ બનાવી કીંગ હેલ્થ કલબ નામે યુનીટના માળ વધારાનું ગેરકાયદેસર બાંધકામ અંદાજે ટેરેસ પરનો ૧૬૦૦ ચો.ફુટ નું ગેરકાયદે બાંધકામ દુર કરવાં આવેલ છે.

ઉપરોકત કામગીરી પૂર્વઝોનના દબાણ ખાતાના સ્ટાફની મદદથી પાર પાડવામાં આવેલ છે.

TOP

## હેરીટેજ અંગેનું એક વર્કશોપનું આયોજન સુરત મહાનગરપાલિકા અને અર્બન મેનેજમેન્ટ સેન્ટર, અમદાવાદના સંયુકત ઉપક્રમ સુરત મહાનગરપાલિકાની કચેરી ખાતે આજરોજ તા.૧૮/૧૧/૨૦૦૮ ના રોજ રાખેલ



હાલ સુરત શહેરની ઐતિહાસિક ધરોહરની જાળવણી અંર્તગત સુરત મહાનગરપાલિકા દ્વારા હેરીટેજની ડ્રાફટ પોલિસી તેમજ હેરીટેજ લીસ્ટીંગ અને સર્વે કરવાનું નક્કી કરવામાં આવેલ જેમાં ડ્રાફટ પોલિસીની કામગીરી ચાલુ છે અને આજ રોજ હેરીટેજ અંગેનું એક વર્કશોપનું આયોજન સુરત મહાનગરપાલિકા અને અર્બન મેનેજમેન્ટ સેન્ટર, અમદાવાદત્રના સંયુકત ઉપક્રમ સુરત મહાનગરપાલિકાની કચેરી ખાતે આજરોજ તા.૧૮/૧૧/૨૦૦૮ ના રોજ રાખેલ જેમાં મા.મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલા, ડે.મેયરશ્રી કોકીલાબેન દેસાઈ, શાસકપક્ષના નેતાશ્રી જગદીશભાઈ પટેલ મા.કલેકટરશ્રી વિરોધપક્ષ નેતાશ્રી બાબુભાઈ કાપડિયા સુરત મહાનગરપાલિકાના અધિકારીશ્રીઓ તેમજ શહેરના તજજ્ઞો જેવાં કે શ્રી ભગવતીકુમાર શર્મા, શ્રી રમેશભાઈ શેઠ, શ્રી જનકભાઈ નાયક, શ્રી બકુલભાઈ ટેઈલર, શ્રી શરોષ વાડીયા તેમજ યુ.એમ.સી.ના ડાયરેકટર કુ. માનવીતા બરાડી તેમજ તેમની ટીમ હાજર રહ્યાં હતા.

ગુજરાત સરકાર દ્વારા શહેરમાં આવેલ ઐતિહાસિક અને હેરીટેજની મિલકતોની જાળવણી બાબતે મળતી વખતોવખતની સુચનાઓ ધ્યાને લઈ સુરત મહાનગરપાલિકા દ્વારા આવી મિલકતો માટે પોલીસી તૈયાર કરવા અને શહેરમાં આવેલ આવી મિલકતો અંગે જરૂરી સર્વે કરી તેનું લીસ્ટીંગ કરવા સુરત મહાનગરપાલિકા દ્વારા કન્સલ્ટન્ટની નિમણુંક કરવામાં આવેલ. પોલીસી બનાવવા બાબતે કન્સલ્ટન્ટ દ્વારા જરૂરી અભ્યાસ સહિતની કામગીરી ચાલુ કરી ડ્રાફટ પોલીસી તૈયાર કરેલ છે. વધુમાં આવી મિલકતોને સેર્વે કરી તેને ઓળખવા અને તેનું લીસ્ટીંગ કરવા બાબતે કન્સલ્ટન્ટ દ્વારા પણ કામગીરી ટુંક સમયમાં ચાલુ કરવામાં આવનાર હોય તેના ભાગરૂપે આજનાં વર્કશોપ ʽનભ્ત્ત્ય્ઘ- ત્ઝભ હય્ત્ થ ખબ'ત્ર઼ ત઼ ય્ત્( .ભ઼ઉર્ભિ નું આયોજન કરવામાં આવેલ હતું.



વર્કશોપની શરૂઆતમાં મા.કલેકટરશ્રી દ્વારા આવકાર પ્રવચન આપવામાં આવેલ તેમજ મા.મેયરશ્રી દ્વારા પ્રાસંગિક ઉદ્‌બોધન કરવામાં આવેલ મા.મેયરશ્રી એ જણાવેલ કે કોઈપણ શહેરની ઐતિહાસિક ધરોહરની જાળવણી જેટલી વધુ સારી રીતે થાત તેટલી વધુ સારી રીતે આવનાર પેઢીને જે–તે શહેરની સાંસ્કૃતિ વિગતો તથા શહેર વિશે સારી જાણકારી મળતી રહે.

**Continue ...**

ગુજરાત સરકાર દ્વારા પણ બિલ્ટ હેરીટેજ પોલીસીના ડ્રાફટ તૈયાર કરવા શ્રી પી.કે. ઘોષ સાહેબના નેતૃત્વ હેઠળની એક ટીમ દ્વારા ગુજરાત રાજયના જુદા જુદા શહેરો/વિસ્તારોમાં પ્રવાસ કરી લોકોના સંપર્ક થકી તેઓના આ અંગેના મંતવ્યો/રીમાર્ક મેળવી તે આધારીત ડ્રાફટ પોલીસી બનાવવાના ભાગરૂપે એક મીટીંગ ઓકટોબર–૨૦૦૮ નાં રોજ અત્રે સુરત ખાતે રાખવામાં આવેલ હતી. આ બાબતે સરકાર પણ ઘણી ચિંતિત હોય, આવી મિલ્કતો અંગે આપણે પણ પોલીસી બનાવવા અને મિલ્કતોનો સર્વે કરી લીસ્ટીંગ કરવાની કાર્યવાહી હાથ ધરી સમયસર પૂર્ણ કરવાની નેમ રાખીએ.

કુ.માનવીતા બરાડી કે જેઓ અર્બન મેનેજમેન્ટ સેન્ટર, અમદાવાદના ડાયરેકટર છે તેઓ સુરત શહેરની ૧૦૦ વર્ષ જુની ઐતિહાસિક ઈમારતોના લીસ્ટીંગ અને સર્વે કરવાના છે. જે માટે તેઓ દ્વારા સ્ટેપ બાય સ્ટેપ મેથેડોલોજી તૈયાર કરેલ છે તેની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી.

વધુમાં વર્કશોપમાં શ્રી દેબાશીશ નાયક કે જેઓ અમદાવાદ હેરીટેજ સેલના પ્રતિનિધિ છે અને તેઓ દ્વારા અમદાવાદમાં છેલ્લા ૧૦ વર્ષમાં હેરીટેજની ચાલી રહેલ કામગીરીની વિસ્તૃતમાં ચર્ચા  કરવામાં આવી અને આ બાબતે સુરત ખાતે પણ આ લાઈન દોરી મુજબ કામગીરી કરી શકાય તેમ જણાવેલ શ્રી મહરશ્રી દેસાઈ, જેઓ મુંબઈમાં આર્કીટેક તરીકે કામગીરી કરે છે અને તેઓ દ્વારા નયક બેઈઝ કેમ્પબેલ હીલનું પેમીંગ પ્રસ્તુત કરવામાં આવેલ જેનાની બીલ્ડીંગમાં કયા સમયાંતરે સુધારા કરેલ તેની નોંધ મળી શકે.

સુરત શહેરથી માહિતગાર એવાશ્રી ભગવતીકુમાર શર્મા, શ્રી જનકભાઈ નાયક, શ્રી રમેશભાઈ નગરશેઠ, શ્રી બકુલભાઈ ટેલર દ્વારા વિવિધ મુદ્દાઓ ચર્ચા કરવામાં આવ્યા જેમાં ખાસ કરીને સુરત શહેરના વીર સપુતોને યાદ કરીને જેમાં શ્રી નર્મદના ઘરમાં સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ તેમજ વર્ષ દરમ્યાન વિવિધ કાર્યક્રમો કરવા સુચવવામાં આવ્યું.

શહેરના આર્કીટેક એવા શ્રી શરોશ વાડીયા તેમજ શ્રી આઝમી વાડીયા દ્વારા શહેરની વિવિધ ઐતિહાસિક ધરોહરની સ્લાઈડ શો કરવામાં આવી અને ત્યારબાદ સુરતની ગુજરાત સમાચાર અને કસ્ટમ્સ વિભાગ દ્વારા તૈયાર કરેલ સુરત ટ્રેડની ફિલ્મ રજુ કરવામાં આવી. ત્યારબાદ ચર્ચા વિચારણાના અંતે આસી.કમિશનરશ્રી સી.વાય ભટ્ટ દ્વારા આભાર વિધિ કરી વર્કશોપનું સમાપન કરવામાં આવ્યું.

**TOP**

## સુરત મહાનગરપાલિકા શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત ૮,૩૬,૦૦૦ થી વધુ બાળકોની આરોગ્ય તપાસ કરશે

રાજય સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલા "શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ" અંતર્ગત સુરત મહાનગરપાલિકા મારફતે તાઃ૧૮/૧૧/૨૦૦૮ થી તાઃ ૨૮/૦૧/૨૦૦૯ દરમ્યાન બાલવાડી/આંગણવાડી,નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાઓ તથા માન્ય ખાનગી પ્રાથમિક/માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા બાળકોની તબીબી તપાસનો કાર્યક્રમ હાથ ધરવામાં આવનાર છે.

નાના બાળકોમાં થતી સામાન્ય બિમારીઓ જેવી કે એનીમીયા, આંત્રકૃમિ, રતાંધળાપણું, દ્રષ્ટ્રિની ખામી, નાક કાન, ગળાના રોગો, ચામડીના રોગો, જેવી બિમારીઓનું પ્રાથમિક શાળા કક્ષાએ નિદાન કરી જરૂરી સારવાર આપી તેમને આ બિમારીઓમાંથી મુકત કરવા તથા બાળકોમાં આ બિમારીઓથી બચવા માટે જાગૃતી કેળવવી તથા નાગરીકોને પોતાના બાળકોના સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃત કરવા એ આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ છે.

ગયા વર્ષે આ કાર્યક્રમ હેઠળ ૭,૪૩,૯૮૮ બાળકોની તબીબી તપાસ કરવામાં આવી હતી. જે પૈકી સામાન્ય બિમારીવાળા ૫૯,૧૯૧ બાળકોને સ્થળ ઉપર સારવાર આપવામાં આવી હતી. જેમાં બાળ રોગ નિષ્ણાંત દ્વારા ૧૧૮૮,આંખના નિષ્ણાંત દ્વારા ૯૬૮, દાંતના નિષ્ણાંત દ્વારા ૭૬૧,ચામડીના નિષ્ણાંત દ્વારા ૮૫૦ નાક, કાન ગળાના નિષ્ણાંત દ્વારા ૬૮૧ તથા અન્ય ૧૩૯૮ બાળકોને સારવાર આપવામાં આવી હતી.૪૪૫ જરૂરીયાતવાળા બાળકોને ચશ્માનું વિતરણ કરવામાં આવ્યું હતું.

ખાસ કેસ તરીકે હ્રદય ની સારવાર માટે ૧૭૪ બાળકોને, કીડની ની ખામીવાળા ૨૨ તથા કેન્સરની ખામીવાળા ૧૬ બાળકોને તેમના વાલીઓ સાથે નવી સીવીલ હોસ્પીટલ,અમદાવાદ ખાતે મોકલી સારવાર આપવામાં આવી હતી તથા હ્રદયની બીમારીવાળા ૧૦ બાળકોને ઘનિષ્ઠ સારવારની જરૂર હોય રાજય બહાર ચેન્નાઈ ખાતે–૨ તથા બેંગ્લોર ખાતે–૮ બાળકોને સારવાર આપવામાં આવી હતી.

ચાલુ વર્ષે સુરત મહાનગરપાલિકા દ્વારા આ કાર્યક્રમ હેઠળ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની ૨૭૨ તથા માન્ય ખાનગી પ્રાથમિક/માધ્યમિક શાળાઓ૧૦૧૮ મળી કુલ–૧૨૯૦ શાળાઓ તથા આંગણવાડી/બાલવાડીના બાળકોની તબીબી તપાસ કરવામાં આવશે. આ માટે ૫૦ મેડીકલ ટીમોની વ્યવસ્થા કરવામાં આવી છે. દરેક ટીમમાં એક મેડીકલ ઓફીસર, એક પેરા મેડીકલ વર્કર અને જે તે શાળાના બે શિક્ષક / શિક્ષિકા મદદ માં રહેશે.

તબીબી તપાસની કામગીરી દરમ્યાન મળી આવેલ સામાન્ય બિમારીઓ જેવી કે આંત્રકૃમી, ચામડીના રોગો ,વીટામીન 'એ' ની ઉણપ,આયોડીન ઉણપ જેવા રોગોની સારવાર શાળામાંજ આપવામાં આવશે. જયારે સ્થળ પર સારવાર આપી ન શકાય તેવી બીમારી વાળા બાળકોને (૧) મસ્કતી ધર્માર્થ હોસ્પીટલ(૨)સ્મીમેર હોસ્પીટલ(૩)નવી સીવીલ હોસ્પીટલ તથા આંખની તપાસ માટે જુની સીવીલ હોસ્પીટલ ખાતે તજજ્ઞ તબીબોની સેવાઓ વિના મુલ્યે મળી રહે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે.

આ ઉપરાંત હ્રદય, કીડની તથા કેન્સર જેવી બિમારીવાળા બાળકોને જરૂર પડે સીવીલ હોસ્પીટલ, અમદાવાદ ખાતે લઈ જવામાં આવશે.

આ સમગ્ર કાર્યક્રમનું આયોજન મ્યુ. કમિશનરશ્રીના આદેશાનુસાર, ડે.કમિશનર(હેલ્થ અને હોસ્પીટલ) ડો.આઈ.સી.પટેલ ના માર્ગદર્શન હેઠળ આરોગ્ય અધિકારી ડો.હેમંત દેસાઈ દ્વારા કરવામાં આવ્યું છે.

TOP

# શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમનો શુભારંભ



રાજય સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ ''શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ'' અંતર્ગત સુરત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત પ્રાથમિક શાળાઓ,માન્ય ખાનગી પ્રાથમિક/માધ્યમિક શાળાઓમાં તથા બાલવાડી/આંગણવાડીમાં અભ્યાસ કરતા બાળકોની તબીબી તપાસનો કાર્યક્રમ તાઃ૧૮/૧૧/૨૦૦૮ થી તાઃ૨૮/૦૧/૨૦૦૯ દરમ્યાન હાથ ધરવામાં આવનાર છે.

આ કાર્યક્રમનો ઉદઘાટન સમારોહ આજ રોજ સુરત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળા નં. ૩૮,૩૯ રૂસ્તમપુરા કોમ્યુનીટી હોલ સામે,સુરત ખાતે સવારે ૧૦–૦૦ કલાકે માનનિય મેયરશ્રીના અધ્યક્ષપદે રાખવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ડેપ્યુટી મેયર શ્રીમતી કૌશિકાબેન દેસાઈ,રૂગ્ણાલય સમિતીના અધ્યક્ષ શ્રી.પિયુષભાઈ શિવશકિતવાળા, ન.પ્રા.શિ. સમિતીના અધ્યક્ષ શ્રી.રૂપીન પચ્ચીગર,નગર નિયોજન સમિતિના અધ્યક્ષ શ્રી.વિવેકભાઈ પટેલ, સ્થાનિક વોર્ડના મ્યુ.સદસ્યશ્રી હિતેશ મૈસુરીયા,મ્યુ.સદસ્યાશ્રી શ્રીમતી ઉર્મિલાબેન રાણા તથા શ્રીમતી હિનાબેન કાબરાવાળા,ડે.કમિશ્નર(હેલ્થ અને હોસ્પીટલ) ડો.આઈ.સી.પટેલ,આરોગ્ય અધિકારી ડો.હેમંતભાઈ દેસાઈ,સેન્ટ્રલ ઝોનના ઝોનલ ચીફ શ્રી.કેતન પટેલ, કાર્યપાલક ઈજનેરશ્રી.જતીન દેસાઈ,નાયબ આરોગ્ય અધિકારી ડો.પ્રદીપ ઉમરીગર,ઉપ શાશનાધિકારી શ્રી.શંકરભાઈ પટેલ તથા અન્ય અધિકારી/કર્મચારીઓ હાજર રહયા હતા.

કાર્યક્રમની શરૂઆત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ શાળા નં. ૩૮,૩૯ ની વિધાર્થીનીઓએ પ્રાર્થના ગીત તથા સ્વાગત નૃત્ય દ્વારા કર્યુ હતું.હાજર રહેલ પદાધિકારી/અધિકારીશ્રીઓને નું પુષ્પ ગુચ્છ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું.



ડે.કમિશ્નર(હેલ્થ અને હોસ્પીટલ) ડો.આઈ.સી.પટેલે સ્વાગત પ્રવચન તથા કાર્યક્રમ સંબંધી માહિતી આપતા જણાવ્યુ હતું કે,'નાના બાળકોમાં થતી સામાન્ય બિમારીઓ જેવી કે એનીમીયા,આંત્રકૃમિ,રતાંધળાપણું, દ્રષ્ટ્રિની ખામી, નાક કાન, ગળાના રોગો, ચામડીના રોગો, જેવી બિમારીઓનું પ્રાથમિક શાળા કક્ષાએ નિદાન કરી જરૂરી સારવાર આપી તેમને આ બિમારીઓમાંથી મુકત કરવા તથા બાળકોમાં આ બિમારીઓથી બચવા માટે જાગૃતી કેળવવી તથા નાગરીકોને પોતાના બાળકોના સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃત કરવા એ આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ છે.

**Continue ...**

ગયા વર્ષે આ કાર્યક્રમ હેઠળ ૭,૪૩,૯૮૮ બાળકોની તબીબી તપાસ કરવામાં આવી હતી. જે પૈકી સામાન્ય બિમારીવાળા ૫૯,૧૯૧ બાળકોને સ્થળ ઉપર સારવાર આપવામાં આવી હતી.તદ્દઉપરાંત બાળ રોગ નિષ્ણાંત દ્વારા ૧૧૮૮,આંખના નિષ્ણાંત દ્વારા ૯૬૮, દાંતના નિષ્ણાંત દ્વારા ૭૬૧,ચામડીના નિષ્ણાંત દ્વારા ૮૫૦ નાક, કાન ગળાના નિષ્ણાંત દ્વારા ૬૮૧ તથા અન્ય ૧૩૯૮ બાળકોને સારવાર આપવામાં આવી હતી.૪૪૫ જરૂરીયાતવાળા બાળકોને ચશ્માનું વિતરણ કરવામાં આવ્યું હતું.ખાસ કેસ તરીકે હૃદય ની સારવાર માટે ૧૭૪ બાળકોને, કીડની ની ખામીવાળા ૨૨ તથા કેન્સરની ખામીવાળા ૧૬ બાળકોને તેમના વાલીઓ સાથે નવી સીવીલ હોસ્પીટલ,અમદાવાદ ખાતે મોકલી સારવાર આપવામાં આવી હતી.

આ વર્ષે સુરત મહાનગરપાલિકા દ્વારા આ કાર્યક્રમ હેઠળ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ/સરકારી શાળા–૩૦૬ તથા માન્ય ખાનગી બાલવાડી/પ્રાથમિક/માધ્યમિક શાળાઓ–૯૮૪ મળી કુલ–૧૨૯૦ શાળાઓ તથા આંગણવાડીના બાળકોની તબીબી તપાસ કરવામાં આવશે. આ માટે ૫૦ મેડીકલ ટીમોની વ્યવસ્થા કરવામાં આવી છે. દરેક ટીમમાં એક મેડીકલ ઓફીસર, એક પેરા મેડીકલ વર્કર અને જે તે શાળાના બે શિક્ષક / શિક્ષિકા મદદ માં રહેશે.

ન.પ્રા.શિ.સમિતીના અધ્યક્ષ શ્રી.રૂપીન પચ્ચીગરે રાજય સરકાર/સુરત મહાનગરપાલિકા બાળકોના આરોગ્ય માટે જાગૃત છે તે બદલ મહાનગરપાલિકાની કામગીરીને બિરદાવી હતી. પ્રાસંગિક પ્રવચનમાં તેઓએ બાળકોના આરોગ્ય બાબતે કાળજી રાખવા ન.પ્રા.શિ.સમિતી મારફતે આરોગ્ય વિષયક ચિત્ર સ્પર્ધા તથા અન્ય કાર્યક્રમોનું આયોજન કરેલ છે તેવું જણાવ્યું હતું.

મા.મેયર શ્રી.રણજીતભાઈ ગીલીટવાળાએ પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે, સુરત મહાનગરપાલિકા અને રાજય સરકાર બાળકોના આરોગ્ય માટે જાગૃત છે.''પ્રિકોશન ઈઝ બેટર ધેન કયોર'' મુજબ સુરત મહાનગરપાલિકા દ્વારા આ કાર્યક્રમ હેઠળ છેવાડાના બાળકો સુધી સેવાઓ મળી રહે તથા શાળામાં અભ્યાસ કરતા તમામ બાળકોની તંદુરસ્તી જળવાઈ રહે તે માટે શકય તેટલા તમામ પ્રયત્ન હાથ ધરવામાં આવશે.''પહેલુ સુખ તે જાતે નર્યા'' મુજબ દરેક બાળકોને આરોગ્ય સંબંધી કાળજી રાખવા,શાળાના શિક્ષકોને બાળકોને તંદુરસ્તીની ચાવીઓ શીખવવા અનુરોધ કર્યો હતો.

સમગ્ર કાર્યક્રમનું આયોજન મ્યુ. કમિશનરશ્રીના આદેશાનુસાર, ડે.કમિશનર(હેલ્થ અને હોસ્પીટલ) ડો.આઈ.સી.પટેલ ના માર્ગદર્શન હેઠળ આરોગ્ય અધિકારી ડો.હેમંત દેસાઈ દ્વારા કરવામાં આવ્યું છે.

TOP

## હેરીટેજ વિકની ઉજવણી

સુરત મહાનગરપાલિકા સંચાલિત સ. વ. પટેલ મ્યુઝિયમમાં વર્લ્ડ હેરીટેજ વિકની ઉજવણી નિમિત્તે તા.૧૯–૧૧–૨૦૦૮ થી તા.૨૫–૧૧–૨૦૦૮ સુધી હેરીટેજ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સુરતની વિકાસગાથા તેમજ વિવિધ ઐતિહાસિક, સામાજિક, શૈક્ષણિક અને ધાર્મિક સ્થળોનાં સુંદર ફોટોગ્રાફ સાથે વિગતો રજુ કરવામાં આવ્યું છે, જેનો લાભ લેવા જાહેર જનતાને નિમંત્રણ છે. પ્રદર્શનનો સમય બુધવાર થી શનિવાર સવારે ૧૧.૪૫ થી ૫.૪૫ સુધી તેમજ રવિવાર અને મંગળવાર ૨:૪૫ થી ૫:૪૫નો રહેશે. સોમવાર અને જાહેર રજાના દિવસે સ. વ. પટેલ મ્યુઝિયમ બંધ રહેશે.

TOP